# રાજકોટ મહાનગરપાલિકા

ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧


-: અખબારી યાદી:-

# વોર્ડ નં.૧૬ તથા ૧૮ ખાતે અસંગઠિત કામદારો માટે ઈ-શ્રમ કાર્ડનો કેમ્પ યોજાયો: ૪૦૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો

તારીખ: ૦૫-૦૫-૨૦૨૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૬ તથા ૧૮ માં શ્રમ રોજગાર વિભાગ મારફત અસંગઠિત ક્ષેત્રે કામ કરતા કામદારોને ઈ-શ્રમ કાર્ડના માધ્યમથી વિવિધ લાભો જેવા કે આકસ્મિક વિમા , આરોગ્ય, શિક્ષણ સરકારશ્રી દ્વારા મળતી વિવિધ સહાયો સીધી જ બેંક એકાઉન્ટનાં મળી શકે તે માટે સખીમંડળનાં સભ્યો તેમજ શહેરી શેરી ફેરીયાઓને લાભ મળી રહે તે હેતુથી ઈ-શ્રમ કાર્ડ માટે કોઠારીયા ગામ , સુરભી સોસાયટી, આંગન રેસીડન્સી, રામ પાર્ક, ગોવિંદનગર, કેદારનાથ સોસાયટી, સૂર્યોદય સોસાયટીમાં એપ્રિલ માસ દરમ્યાન આયોજન કરવામાં આવેલ હતું . જેમાં ૪૦૦થી વધુ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ હતો

આ કાર્યક્રમ માટે શ્રમ રોજગાર વિભાગના માધ્યમથી ઈ-શ્રમ કાર્ડ કોમન સર્વિસ સેન્ટરનાં ઓપરેટર મારફત કાઢી આપવા વ્યવસ્થા કરી આપવામાં આવેલ હતી.

આ કેમ્પને સફળ બનાવવા માટે આસિસ્ટન્ટ મેનેજરશ્રી કે.ડી.વાઢેરનાં માર્ગદર્શન હેઠળ સીનીયર સમાજ સંગઠક શ્રી.જે.એલ.વ્યાસ , NULM સમાજ સંગઠક મનીષાબેન ગોહિલ તથા સોનલબેન ગોહિલે જહેમત ઉઠાવી હતી.

**(જન સંપર્ક અધિકારી)**
**રાજકોટ મહાનગરપાલિકા**